### દિવા રોડ પર આવેલી ઝૂંપડપટ્ટીમાં કાર્યવાહી કરવામાં આવી

# અંકલેશ્વરમાં ચોરીની 3 બાઈક સાથે યુવાન પોલીસના સકંજામાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શહેર એ-ડિવિઝન પોલીસ સ્ટાફ અને LCBની ટીમે શહેરમાંથી વાહનની ચોરી કરતા વાહન ચોરને ઝડપી પાડ્યો હતો. પોલીસે તેની પાસેથી બે એક્ટિવા અને એક બાઈક જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ભરૂચના એસપી ડો.લીના પાટીલે જિલ્લામાં મિલકત સંબંધી ગુના અટકાવવા તથા વણ શોધાયેલા ગુનાઓ શોધી કાઢવા દરેક અધિકારીઓને સૂચના આપી હતી. જેના આધારે અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસ સ્ટેશનનો સ્ટાફ તથા ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાંચની ટીમ સાથે મળીને અંકલેશ્વર શહેરમાં થતા વાહન ચોરીના ગુનાઓ સંબંધે ગંભીરતા દાખવવી વાહન ચોરીના ત્રણ ગુનાઓ શોધી કાઢ્યા હતા. પોલીસ સ્ટાફને માહિતી મળી હતી કે,એક આરોપીને દીવા રોડ ખાતે આવેલા મંગલમુર્તી સોસાયટીની પાછળ ઝુપડપટ્ટી નજીક રહેતા એક શખ્સ જોડે ચોરીની બાઈકો રહેલી છે. જે બાતમીના આધારે પોલીસે તે સ્થળ પર રેડ કરીને આરોપી સંદિપ પ્રજાપતિને ઝડપી પાડ્યો હતો. પોલીસે આરોપી પાસેથી બે એક્ટિવા અને એક બાઈક મળીને કુલ કિંમત રૂ. 80 હજારના ત્રણ વાહન જપ્ત કર્યા હતા. પોલીસે તેની કલમ 41( 1 ) ડી મુજબ અટક કરી છે. તથા મુદામાલ CRPC કલમ 102 મુજબ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી કરી છે.

**DATE: 20/11/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

## મોપેડની ડિકીમાં દારૂની બોટલ મુકી વેચતો હતો

# જંબુસરના કાવી રિંગ રોડ પરથી બૂટલેગર ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

જંબુસરના કાવી રીંગ રોડ પર લાલશાહીદ મસ્જીદ પાસેથી ગલીમાં મોપેડની ડેકીમાં વિદેશીદારૂની બોટલો સંતાડી વેચાણ કરતાં બુટલેગરને એલસીબીની ટીમે ઝડપી પાડ્યો હતો.

ભરૂચ એલસીબીની ટીમ જંબુસર વિસ્તારમાં ચૂંટણીને લઈને પેટ્રોલિંગમાં હતી. તે વેળાં ચોક્કસ બાતમી મળી હતી કે, કાવી રીંગ રોડ પર આવેલી લાલશાહીદ મસ્જીદ પાસેની ગલીમાં એક શખ્સ જાહેરમાં વિદેશીદારૂના પાઉચનું વેચાણ કરે છે. જેના પગલે ટીમે સ્થળ પર દરોડો પાડતાં એ ટુ ઝેડ નામની દુકાન પાસે એક શખ્સ નંબર વિનાની મોપેડ પર બેસેલો જણાતાં ટીમે તેની ધરપકડ કરી પુછપરછ કરતાં તેનું નામ તોસીફ હમીદ મલેક (રહે. માંડવ ફળીયુ) હોવાનું માલુમ પડ્યું હતું. તેની પાસેની હવાલાવાળી મોપેડની ડેકીમાંથી વિદેશીદારૂની 7 બોટલ તેમજ 11 પાઉચ મળી આવ્યાં હતાં. ટીમે તેની ધરપકડ કરી તેની પાસેથી વિદેશીદારૂનો જથ્થો, મોબાઈલ, રોકડા રૂપિયા તેમજ મોપેડ મળી કુલ 91 હજારનો મુદામાલ જપ્ત કર્યો હતો.ટીમે તેને જંબુસર પોલીસને સોંપી તેની સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધતાં જંબુસર પોલીસે તેણે કોની પાસેથી દારૂ લાવ્યો તે અંગેની તપાસ શરૂ કરી છે.

**DATE: 20/11/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

# જંબુસરના દહેગામ ગામની ઘટના કન્યા શાળાના કંપાઉન્ડમાં જુગાર રમતાં ચાર ઝડપાયાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

જંબુસર તાલુકામાં આવેલાં દહેગામ ગામે કન્યા શાળાના કંપાઉન્ડમાં જુગારિયાઓએ ચાર્જિંગ બેટરીના અજવાળે જુગારની મહેફિલ જમાવી હતી. કાવી પોલીસને જાણ થતાં તેમણે સ્થળ પર દરોડો પાડી જુગાર રમતાં 4 જુગારિયાઓને ઝડપી પાડ્યાં હતા. જ્યારે બે જણા નાસી છુટ્યાં હતાં. પોલીસે તેમની પાસેથી 11 હજાર ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કરી તમામ વિરૂદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

કાવી પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે, દહેગામ ગામની કન્યાશાળામાં કેટલાંક શખ્સોએ ચાર્જિંગ બેટરીના અજવાળે જુગાર રમી રહ્યાં છે. જેના પગલે ટીમે જુગારિયાઓને ઝડપી પાડવા માટે સ્થળ પર પહોંચી ચારેય તરફથી કોર્ડન કરી દરોડો પાડ્યો હતો. પોલીસની રેડ પડતાં જુગારિયાઓમાં દોડધામ મચી ગઇ હતી. જોકે, ચાર જુગારિયાઓ અમર દાઉદ ગુલામ મલેક, સાદીક અબ્દુલલ મલેક, મહંમદ સિકંદર શબ્બીર મલેક તેમજ અર્જૂન રયજી મોતી પરમાર પોલીસના હાથે ઝડપાઇ ગયાં હતાં. જ્યાં બે જણા નાસી છુટ્યાં હતાં. પોલીસે તેમના વિશેની પુછપરછ કરતાં તેમના નામ બિલાલ મુસા હસન મલેક તેમજ સોહેલ ઇંદ્રીશ તીરૂ મલેક હોવાનું માલુમ પડ્યું હતું.

**DATE: 20/11/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### શહેરના અક્ષરનગરનો સોની પણ ઝડપાયો

# ભરૂચમાં વૃદ્ધાનો અછોડો તોડી ભાગેલો ગઠીયો પોલીસ સકંજામાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

વાગરાના કલમ ગામે પરમાર ફળિયામાં રહેતાં 65 વર્ષીય અંબાબેન મથુરભાઇ વાઘેલાં ભરૂચના ઉન્નતીનગર ખાતે રહેતી તેમની પુત્રીના ઘરે તેમને મળવા માટે જઇ રહી હતી. દરમિયાનમાં શક્તિનાથ સર્કલથી ચાલતાં જતી વેળાં મામલતદાર કચેરી પાસે એક ગઠિયાએ તેમનો અછોડો તોડી ત્યાંથી નાસી છુટ્યો હતો. બનાવ સંદર્ભે ભરૂચ એ ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાતાં પોલીસે આરોપીને શોધવા માટેની કવાયત હાથ ધરી હતી. દરમિયાનમાં અછોડો તોડનાર શખ્સની વિગત મળતાં ભરૂચના સોનેરી મહેલ ખાતે ભોઇવાડમાં રહેતાં અલ્પેશ પ્રવિણચંદ્ર જાદવને ટીમે ઝડપી પાડ્યો હતો. અછોડા અંગેની પુછપરછ કરતાં તેણે સોનીને ચોરીની ચેઇન વેચી હોવાની કબુલાત કરતાં પોલીસે લીંક રોડ પર આવેલી અક્ષરનગર સોસાયટીમાં રહેતાં શૈલેષ મહેશચંદ્ર સોનીને ઝડપી પાડ્યો હતો. પોલીસે ગણતરીના કલાકોમાં જ આરોપીઓને ઝડપી પાડી તેમની પાસેથી ચલીઝડપ કરેલી ચેઇન રિકવર કરી હતી. ગઠિયાઓએ ભરૂચ પંથકમાં અન્ય કોઇ ગુનાઓને અંજામ આપ્યો છે કે કેમ તેની વિગતો મેળવવા તેમના રિમાન્ડ મેળવવાની કવાયત હાથ ધરી છે.

WALK – IN INTERVIEW
Navin Fluorine International Ltd (NFIL) is one of the largest and the most

# મતદારો ભય રાખ્યા વિના મતદાન કરે

# ઉમલ્લા ગામે પોલીસનું ચુંટણીને લઇને ફુટ પેટ્રોલિંગ

ભાસ્કર ન્યૂઝ | રાજપારડી

ભરૂચ જીલ્લાના ઝઘડિયા તાલુકાના ઉમલ્લા પોલીસ સ્ટેશન દ્વારા નગરમાં ફુટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. રાજ્ય વિધાનસભાની ચુંટણી યોજાનાર છે ત્યારે તેના અનુસંધાને ઉમલ્લા નગરમાં પીએસઆઇ એન.જે.ટાપરીયાના માર્ગદર્શન હેઠળ ઉમલ્લા પોલીસના જવાનો તેમજ બહારથી આવેલ અર્ધ લશ્કરી દળની ટુકડી દ્વારા નગરમાં આ ફ્લેગ માર્ચ યોજવામાં આવી હતી. અર્ધ લશ્કરી દળની ટુકડી તેમજ સ્થાનિક પોલીસ જવાનો સાથે ઉમલ્લા પીએસઆઇ ટાપરીયા અને પીએસઆઇ આશિષકુમાર જોડાયા હતા અને જવાનોને માર્ગદર્શન આપી ફુટ પેટ્રોલિંગ યોજવામા આવ્યું હતું. વિધાનસભાની ચુંટણીમાં મતદારોને કોઇ પણ જાતનો ડર રાખ્યાં વિના મતદાન કરવા માટે અપીલ કરવામાં આવી હતી.

**DATE: 20/11/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### પોલીસે કુલ 7600 રૂ.નો દારૂનો જથ્થો જપ્ત કર્યો

# સારંગપુર ગામે થી મહિલા બુટલેગર દારૂ સાથે ઝડપાઈ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ એ સારંગપુર ગામ ખાતે થી મહિલા બુટલેગર ઈંગ્લીશ દારૂના જથ્થા સાથે ઝડપી પાડી હતી. અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ ની ટીમ સારંગપુર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી. તે દરમિયાન ચોક્કસ માહિતી મળી હતી. કે આદર્શ નગર ખાતે રહેતા મહિલા બુટલેગર અરુણા વિક્રમસિંહ રાઠવા એ મોટા પાયે ઈંગ્લીશ દારૂ લાવી વેચાણ કરી રહી છે. જે આધારે જીઆઈડીસી પોલીસ દ્વારા મહિલા બુટલેગર ના ઘરે દરોડા પાડ્યા હતા જ્યાં ઘર માં સર્ચ કર્યા બાદ ઘર પાછળ વાળા માં રહેલા બાથરૂમ માં સર્ચ કરતા અંદર થી ઈંગ્લીશ દારૂની 180 એમએલ ની 76 બોટલ મળી આવી હતી. પોલીસે 7600 રૂપિયા નો ઈંગ્લીશ દારૂનો જથ્થો જપ્ત કર્યો હતો. તેમજ મહિલા બુટલેગર અરુણા રાઠવા ની ધરપકડ કરી હતી. તેની વધુ પુછપરછ કરવામાં આવી રહી છે.

**DATE: 24/11/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### પી.જી.ગ્લાસ ફેક્ટરીમાં ધાડપાડુઓએ 3 ગાર્ડની હત્યા કરી નાંખી હતી

# અંકલેશ્વરમાં 3 વર્ષ પહેલાની ધાડમાં બે આરોપી ઝડપાયાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરમાં ઉટીયાદરા ગામે પી.જી.ગ્લાસમાં ગત 18 મી સપ્ટેમ્બર 2019ના રોજ ઉટીયાદરા ગામ ખાતે 2012 થી બંધ પડેલ પી.જી.ગ્લાસ કંપની મધ્યરાત્રીએ ધાડપાડુ ટોળકી ત્રાટકી હતી. આ ટોળકીએ 3 સિક્યુરિટી ગાર્ડની હત્યા કરી તેમજ 3ને ગંભીર રીતે ઈજા પહોંચાડી હતી. ગોપાલકો સાથે સવારે 6 વાગ્યાના અરસામાં જે પી ગ્લાસ ફેક્ટરી નજીક ઘાસચારો એકઠો કરી રહયાં હતાં ત્યારે ફેક્ટરીમાંથી મદદની બૂમો સંભળાઈ હતી. સ્થાનિક યુવાનો કંપની તરફ દોડી ગયા ત્યારે ફેક્ટરીમાં ખેલાયેલાં ખુની ખેલનો પર્દાફાશ થયો હતો. આ ઘટના ચાર વર્ષ અને 2 મહિના બાદ આખરે સુરત ડીસીબી પોલીસે વધુ બે આરોપી ને ઝડપી પાડ્યાં હતા. મૂળ મધ્યપ્રદેશના અને સુરત કતારગામ ખાતે રહેતા 21 વર્ષીય વિકાસ ઉર્ફે ટકો અને 25 વર્ષીય મનીયો ભીલારેને સુરત થી ઝડપી પાડ્યા હતા. બંને આરોપીને પોલીસ ટ્રાન્સફર વોરન્ટથી અંકલેશ્વર લઇ આવી છે અને તેમની ધરપકડ કરી છે. પોલીસે આરોપીઓને કોર્ટમાં રજુ કરી રીમાન્ડ મેળવવાની કવાયત હાથ ધરી છે.

## 12 દિવસમાં જ ગુનાનો ભેદ ઉકેલાયો હતો

ઉટીયાદરા ગામે પી.જી.ગ્લાસમાં 3 ગાર્ડની હત્યા અને ધાડના ગુનાનો ભેદ પોલીસે 12 દિવસમાં ઉકેલી નાંખ્યો હતો. ભરૂચ એલસીબીએ 5 ધાડપાડુઓની ધરપકડ કરી લીધી હતી. ધાડપાડુઓ ટેમ્પો લઇને પી.જી. ગ્લાસ કંપનીમાં ધાડ પાડવા માટે આવ્યાં હતાં. આ ચકચારી કેસમાં 13 આરોપીઓના નામ ખુલ્યાં હતાં. હજી કેટલાક આરોપીનો વોન્ટેડ છે.

**DATE: 24/11/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### એલસીબીએ 5 શખ્સોને વોન્ટેડ જાહેર કર્યાં

# ભરૂચમાં રીક્ષામાં લઇ જવાતો દારૂ ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ એલસીબીની ટીમ ચૂંટણીને લઈ નાઈટ પેટ્રોલિંગમાં હતી. દરમિયાનમાં ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, ભરૂચના વેજલપુર ખાત રહેતો કિશન ચુડાસમા તેમજ તેના મળતિયા ન્યુ આનંદનગર પંપ હાઉસ પાસે રીક્ષામાં વિદેશીદારૂની હેરાફેરી કરે છે. જેના પગલે ટીમે સ્થળ પર દરોડો પાડ્યો હતો. તે જ સમયે ટીમ ત્યાં પહોંચી તે જ વોં એક રીક્ષા ચાલુ કરી ત્યાંથી રવાના થતાં ટીમે તેને કોર્ડન કરી રોકતાં ડ્રાઈવરનું નામ પુછતાં તેનું નામ અકરમ સલીમ શેખ હોવાનું માલુમ પડ્યું હતું. તેની રીક્ષામાંથી તેમજ ત્યાં જ ઉભેલી અન્ય એક રીક્ષા વિદેશીદારૂનો જથ્થો મળી આવ્યો હતો. જ્યારે અન્ય એક એક્ટિવા પણ મળી હતી. પુછપરછ કરતાં તેણે જણાવ્યું હતું કે, કિશન ચુડાસમાએ કારમાંથી દારૂની પેટીઓ ઉતારી હોઈ તેણે તેને રીક્ષામાં લઈ આવવા કહેતાં તે લેવા આવ્યો હતો. જ્યારે કિશન તેમજ ભાવેશ ઉર્ફે કાલુ સહિત રાજેશ ગોહરિયા ત્યાં હતાં એક રીક્ષામાં ભાવેશ તેમજ રાજેશ વિદેશીદારૂ લઈ નિકળ્યાં હતાં. પોલીસે કુલ 1.48 લાખ ઉપરાંતનો વિદેશીદારૂ જપ્ત કરવા સાથે બે રીક્ષા તેમજ એક મોપેડ મળી કુલ 3.60 લાખનો મુદામાલ જપ્ત કર્યો હતો.

**DATE: 24/11/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

## એસઓજીનો સનરાઈઝ દુકાનમાં દરોડો

# ભરૂચમાં ઈ-સિગરેટનું વેચાણ કરનાર 2 શખ્સ સામે ગુનો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરચ એસઓજીના હેડ કોન્સ્ટેબલ અનિરૂદ્ધસિંહને ચોક્કસ બાતમી મળી હતી કે, શિતલ વિસ્તારમાં આવેલાં સીઆર ચેમ્બર શોપિંગ સેન્ટરમાં આવેલી સનરાઈઝ નામની દુકાનમાં ભારત સરકાર દ્વારા પ્રતિબંધિત કરેલી ઈ-સિગરેટનું વેચાણ થાય છે. જેના પગલે એસઓજી પીઆઈ એ. એ. ચૌધરીના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એ. વી . શિયાળીયા તેમજ તેમની ટીમે દુકાનમાં દરોડો પાડ્યો હતો. જેમાં સિગારેટની ડબ્બી પર સહેલાઈથી દેખાય તે રીતે ચેતવણીની છાપ જેવી કે સ્કલ ક્રોસબોન વર્ડ વોર્નિંગ કે કેન્સરની બિમારી દર્શાવતી કોઈ છાપ કે છબી છાપ્યા વિનાની સિગરેટ તેમજ ઈ-સિગારેટોનો જથ્થો જપ્ત કરી કુલ 82 હજાર ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. એસઓજીએ દુકાન સંચાલક નરેશ જગજીવન મહેતા તેમજ તેના ત્યાં કામ કરતાં અબ્દુલ રહેમાન ઈશાક સારંગ વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 26/11/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### વેપારીના મકાનની બારીની ગ્રીલ તોડી પ્રવેશેલાં લૂંટારૂઓએ વેપારીને ઢોર માર માર્યો

# ઈલાવમાં દંપતિને બંધક બનાવી લૂંટ ચલાવી ભાગેલાં 6 ઝડપાયાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

હાંસોટ તાલુકાના ઈલાવ ગામે વૃધ્ધ દંપતિને બંધક બનાવીને સોનાના દાગીના સહીત 93 હજારની મત્તાની લૂંટ ચલાવી ભાગેલાં દાહોદની લુંટારૂ ગેંગના 6 સાગરિતોને પોલીસે ગણતરીના કલાકોમાં હાંસોટ પાસેથી ઝડપી પાડયાં હતાં.

હાંસોટ તાલુકાના ઈલાવ ગામમાં ગુરૂવારે રાત્રિના સમયે લુંટારૂ ગેંગ ત્રાટકી હતી. ગામની પંચાયત ઓફિસ પાસે રહેતાં હતાં અને કરિયાણાની દુકાન ચલાવતાં લાડુમલ શાહ તેમના પત્ની સાથે રહે છે. આ દંપતિના મકાનમાં ગુરૂવારે રાત્રિના 2.30 થી 3.00 વાગ્યાના અરસામાં લૂંટારૂઓ ત્રાટક્યાં હતાં. 6 જેટલા લૂંટારૂઓએ મકાનની પાછળના ભાગે આવેલી બારીની ગ્રીલ તોડી અંદર પ્રવેશ કર્યો હતો.

લૂંટારૂઓએ દંપતિને બંધક બનાવી દીધું હતું. લાડુમલ શાહના હાથપગ બાંધી તેમને ઢોર માર માર્યો હતો. તેમની પત્નીના ગળામાં રહેલી સોનાની ચેઈન અને બુટ્ટી લૂંટારૂઓએ આંચકી લીધી હતી. 30 મિનિટ સુધી ટોળકી ઘરમાં રોકાય હતી અને સામાન ફેંદી નાંખ્યો હતો. લૂંટારૂ ટોળકીના ઘરમાંથી ગયા બાદ લાડુમલે તેમના અંકલેશ્વર ખાતે રહેતાં પુત્રોને તેમની સાથે બનેલી ઘટનાની જાણ કરી હતી. બનાવ બાદ પોલીસે ગોઠવેલી નાકાબંધીમાં ઈલાવથી લૂંટ કરીને ભાગેલાં તમામ લૂંટારૂઓ ઝડપાય ગયાં હતાં.



### લૂંટારૂઓને કારમાં બેસતા વેપારીના પુત્રોએ જોઈ લીધાં

ઈલાવથી પિતાનો ફોન આવ્યાં બાદ તેમના અંકલેશ્વર ખાતે રહેતાં પુત્રો વિજય અને મહાવીર તાબડતોડ ઈલાવ ગામે જવા માટે નીકળ્યાં હતાં. દરમિયાન તેમણે હાંસોટથી ઈલાવ જવાના માર્ગ પર કેટલાક લોકોને ખેતરમાંથી નીકળી ઇકો કારમાં બેસતા જોયા હતાં. આથી તેમણે પોલીસને જાણ કરી હતી. પોલીસે હાંસોટ પાસે નાકાબંધી કરી ઇકો કારને અટકાવી હતી. કારમાં સવાર 6 લોકોની પૂછપરછ કરતાં લૂંટનો ગુનો કબુલ્યો હતો.

### ઝડપાયેલાં આરોપીઓ

- અજય રૂમાલ માવી, રહે. ચંદવાના, દાહોદ
- બિપિન રાવજી માવી, રહે. ચંદવાના, દાહોદ
- રોહિત સુકિયા સંગાડા, રહે. ભીતોડી, દાહોદ
- વિનુ કમજી ડામોર, રહે. કકશ, દાહોદ
- દિનેશ દીતા મેદા, પાદરથોસા, મધ્યપ્રદેશ
- મંગુ ફરીગા ડામોર, કથલા, દાહોદ

### વેપારીને ત્યાં અગાઉ પણ ચોરી થઈ હતી

ઈલાવમાં જેમના ઘરે લૂંટ થઇ હતી તે વેપારી મુળ રાજસ્થાનના વતની છે. અને હાલ ઈલાવ ગામમાં રહી કરિયાણાની દુકાન ચલાવે છે. તેમના બંને પુત્રો અંકલેશ્વરમાં સ્થાયી થયાં છે. વેપારી અને તેમના પત્ની ઈલાવના મકાનમાં એકલા રહે છે. થોડા વર્ષો અગાઉ વેપારીના ઘરે ચોરીનો બનાવ પણ બન્યો હતો

**DATE: 26/11/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# સેવડ ગામેથી એક જુગારી ઝડપાયો : એક ફરાર

ભાસ્કર ન્યૂઝ | વાલિયા

વાલિયા પોલીસે સેવડ ગામના વચલા ફળિયા જુગાર રમતા એક જુગારીયાને ઝડપી પાડયો છે જ્યારે અન્ય એકને વોન્ટેડ જાહેર કર્યો હતો. સેવડ ગામના વચલા ફળિયામાં રહેતો જુગારી દિનેશ વસાવા પોતાના ઘર પાસે જુગારનો અડ્ડો ચલાવે છે તેવી માહિતી પોલીસને મળી હતી. પોલીસે બાતમીના આધારે સેવડ ગામમાં દરોડો પાડયો હતો જેમાં જુગાર રમતાં એક જુગારીને 1,600 રૂપિયાના મુદામાલ સાથે ઝડપી પાડયો હતો.

**DATE: 27/11/2022 CATEGORY: GREEN**

**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### વેપારીના ઘરે લૂંટનું કાવતરૂ કેવી રીતે ઘડાયું તેની તપાસ શરૂ

# ઈલાવની લૂંટમાં ઝડપાયેલો એક લૂંટારૂ હત્યાનો આરોપી

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

હાંસોટના ઈલાવ ગામે રહેતાં વેપારી દંપતિને ત્યાં 6 જેટલા લૂંટારૂઓ ત્રાટક્યાં હતાં. તેમણે વેપારીને માર મારી તેમની પત્નીના ગળામાંથી સોનાની ચેઈન તથા કાનમાંથી બુટ્ટીની લૂંટ ચલાવી હતી. ઈલાવથી ભાગેલા લૂંટારૂઓ કારમાં બેસી રફુચક્કર થઈ જાય તે પહેલાં હાંસોટ પોલીસની નાકાબંધીમાં ઝડપાય ગયાં હતાં. આરોપીઓને હાંસોટની કોર્ટમાં રજુ કરવામાં આવતાં તેમના 10 દિવસના રીમાન્ડ મંજુર કરાયાં છે. હાંસોટના પીએસઆઈ કે.એમ.વાઘેલા સાથે વાતચીત કરતાં તેમણે જણાવ્યું હતું કે, પોલીસની સતર્કતાથી છ લૂંટારૂઓને ઝડપી પાડવામાં સફળતા મળી છે. ઝડપાયેલાં લૂંટારૂઓ પૈકી એક મંગુ ડામોર સામે મધ્યપ્રદેશના મેઘનગરમાં હત્યાનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે. હાંસોટના ઈલાવ ગામમાં લૂંટ કરવા બાબતે કેવી રીતે કાવતરૂ ઘડવામાં આવ્યું તથા તેમાં કોઈ જાણભેદુનો હાથ છે કે કેમ તેની તપાસ કરવામાં આવી રહી છે. લૂંટારૂઓએ ભરૂચ કે અન્ય જિલ્લામાં કોઈ સ્થળે ગુના કર્યા છે કે કેમ તેની વિગતો મેળવવા માટે આરોપીઓના રીમાન્ડ મેળવવા કોર્ટમાં રજુ કર્યા હતાં. તેમના 10 દિવસના રીમાન્ડ મંજુર કરવામાં આવ્યાં છે.

**DATE: 27/11/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### ગુજરાત તથા રાજસ્થાનથી વાહનો ઉઠાવ્યાં

# અંકલેશ્વરમાં વાહનચોરીમાં ફરાર આરોપી 8 વર્ષે ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ સ્ટેશનમાં 2014માં નોંધાયેલાં વાહનચોરીના ગુનામાં ફરાર આરોપીને પોલીસે રાજસ્થાનથી ઝડપી પાડ્યો છે. ગુજરાતના મહેસાણાઅને ડીસા તેમજ રાજસ્થાન ના 3 ગુનામાં તેની સંડોવણી સામે આવી હતી.

અંકલેશ્વરમાં 2014ની સાલમાં થયેલ વાહન ચોરી નો આરોપી રાજસ્થાનના બોરીગામનો પીરારામ જગરામ ઉર્ફે જગમાલારામ બિશ્નોઇ તેના મૂળ વતન ખાતે હોવાની માહિતી મળી હતી. જે આધારે પોલીસ ની એક ટીમ રાજસ્થાન પહોંચી હતી જ્યાં સ્થાનિક પોલીસ ની મદદ થી પોલીસે વાહનચોર ને ઝડપી પાડ્યો હતો જેને અંકલેશ્વર ખાતે લઈ આવી પોલીસે રિમાન્ડની તજવીજ શરુ કરી હતી. આ વાહનચોર સામે રાજસ્થાન ના પાલીમાં લૂંટ, સાંચોરમાં ડમ્પર ચોરી અને ચિતોડગઢ મડોડાના ગુનામાં સડોવણી હતી. ગુજરાતમાં ડીસા માં 2012 માં બોલોરો ચોરી અને 2020 માં વિસનગરથી બોલેરો ચોરી કરી હોવાનો ગુનાહિત ભુતકાળ સામે આવ્યો હતો. વાહનચોરને રાજસ્થાનથી અંકલેશ્વર ખાતે લાવીને તેની પુછપરછ હાથ ધરવામાં આવી છે. આઠ વર્ષ સુધી તે ક્યાં રોકાયો હતો અને કોની મદદ મળી હતી તે દિશામાં પણ તપાસ ચાલી રહી છે.

**DATE: 27/11/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

# અંકલેશ્વરમાં સટ્ટો રમાડતી મહિલા સહિત 3 ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર એ ડિવિઝન શહેર પોલીસની સર્વેલન્સ સ્કોર્ડના એ.એસ.આઈ. કનકસિંહ તેમજ સ્ટાફે સ્ટેશન વિસ્તારમાં આવેલ જીન ફળીયામાં પ્રવીણ વસાવાને ત્યાં દરોડા પાડ્યા હતા. પોલીસના દરોડા માં પ્રવીણ વસાવા ફરાર થઇ ગયો હતો જ્યારે તેની પત્ની જયા વસાવા સહિત અન્ય 3 લોકો આંક ફરકનો જુગાર રમતા ઝડપાયાં હતાં. પોલીસે 10 હજાર રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.